# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રિનિદાદ અને ટોબેગોની ફળદાયી મુલાકાત બાદ આર્જેન્ટિના પહોંચ્યા

2) કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે ગુજરાતનાં આણંદ ખાતે ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલયનું ભૂમિપૂજન કરશે – જનસભાને સંબોધશે.

3) ગઈકાલથી શરૂ થયેલી અમરનાથ યાત્રા પહલગામ અને બાલતાલના વિવિધ માર્ગો પર સરળતાથી ચાલી રહી છે

4) હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી

5) ક્રિકેટમાં, ભારતે બીજી ટેસ્ટના ત્રીજા દિવસના અંતે એક વિકેટે 64 રન બનાવીને ઇંગ્લેન્ડ સામે 244 રનની સરસાઈ મેળવી

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-ARGENTINA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઘાના, ત્રિનિદાદ અને ટોબેગોની સફળ મુલાકાત બાદ આજે સવારે આર્જેન્ટિનાની રાજધાની બ્યુનસ આયર્સ પહોચ્યા છે. તેમની પાંચ દેશોની આ મુલાકાતનો હેતુ ગ્લોબલ સાઉથ સાથે ભારતના સંબંધોને મજબૂત બનાવવાનો છે.

પ્રધાનમંત્રી મોદી આજે સાંજે આર્જેન્ટિનાના સ્વાતંત્ર્ય સેનાની અને રાષ્ટ્રીય નાયક જનરલ જોસ ડી સૈન માર્ટિનની પ્રતિમા પર પુષ્પાંજલિ આપીને તેમની મુલાકાતની શરૂઆત કરશે. ત્યારબાદ શ્રી મોદીનું ઔપચારિક સ્વાગત કરાશે અને રાષ્ટ્રપતિ જેવિયર માઇલી દ્વારા તેમના સન્માનમાં આયોજિત ભોજન સમારંભ બાદ પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો કરશે. પ્રધાનમંત્રી અહીં પ્રતિષ્ઠિત ક્લબ બોકા જુનિયર્સના ફૂટબોલ સ્ટેડિયમની પણ મુલાકાત લેશે.

આ મુલાકાત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે અને સહયોગના નવા માર્ગો ખોલશે તેવી આશા છે. જેમાં વેપાર અને રોકાણ, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, સંરક્ષણ અને સુરક્ષા, માળખાગત સુવિધા, ખાણકામ અને ખનિજ સંસાધનો, કૃષિ અને ખાદ્ય સુરક્ષા, ગ્રીન એનર્જી, આઇસીટી અને ડિજિટલ નવીનતા, આપત્તિ વ્યવસ્થાપન, વિજ્ઞાન અને ટેકનોલોજી, શિક્ષણ અને લોકો-થી-લોકોના સંપર્કો જેવા મુખ્ય ક્ષેત્રોને આવરી લેવાશે.

પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રપતિ જેવિઅર માઇલીના આમંત્રણ પર આર્જેન્ટિનાની મુલાકાત લઈ રહ્યા છે. પ્રધાનમંત્રીએ 2018માં G20 સમિટ દરમ્યાન આર્જેન્ટિનાની મુલાકાત લીધી હતી, અને છેલ્લા 57 વર્ષમાં ભારતીય પ્રધાનમંત્રી દ્વારા આર્જેન્ટિનાની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત હતી.

પાંચ દેશોની મુલાકાત પહેલા પોતાના નિવેદનમાં પ્રધાનમંત્રી મોદીએ આર્જેન્ટિનાને લેટિન અમેરિકામાં એક મુખ્ય આર્થિક ભાગીદાર અને G20 જૂથમાં એક ગાઢ સાથી તરીકે વર્ણવ્યું હતું. ભારત અને આર્જેન્ટિના મજબૂત સંબંધો ધરાવે છે, 2019 માં દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીને વેગ મળ્યો અને 2024 માં બંને દેશોએ રાજદ્વારી સંબંધોના 75 વર્ષની ઉજવણી કરી. સંરક્ષણ ઉત્પાદન, અવકાશ, માહિતી ટેકનોલોજી અને ડિજિટલ જાહેર માળખાગત સુવિધા જેવા ક્ષેત્રોમાં ભારતની પ્રગતિ આર્જેન્ટિના માટે વધુ તકો પૂરી પાડી શકે છે.

પ્રધાનમંત્રી મોદી તેમના પ્રવાસના છેલ્લા તબક્કામાં નામિબિયા જતા પહેલા રિયો ડી જેનેરોમાં બ્રિક્સ શિખર પરિષદમાં હાજરી આપવા માટે બ્રાઝિલ પણ જશે.

# OVERALL PM-TRINIDAD AND TOBAGO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રિનિદાદ અને ટોબેગોની બે દિવસની સફળ મુલાકાત બાદ ત્રીજા તબક્કામાં આર્જેન્ટિના પહોચ્યા છે.. ત્રિનિદાદ અને ટોબેગોની પ્રધાનમંત્રીની મુલાકાત દરમિયાન બંને દેશોએ ઐતિહાસિક, સભ્યતા અને દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવ્યા.

ગઈકાલે સાંજે રવાના થતા પહેલા પ્રધાનમંત્રી મોદીએ પોર્ટ ઓફ સ્પેનમાં ત્રિનિદાદ અને ટોબેગોની સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું. આ ઐતિહાસિક સંબોધનમાં શ્રી મોદીએ કહ્યું કે ભારત માટે લોકશાહી માત્ર એક રાજકીય વ્યવસ્થા નથી પરંતુ જીવનશૈલી છે. શ્રી મોદીએ લોકશાહીને એક સહિયારા મૂલ્ય તરીકે પ્રશંસા કરી અને દેશના ભારતીય મૂળના મહિલા નેતાઓની પ્રશંસા કરી. શ્રી મોદીએ પ્રતીકવાદ અને ઐતિહાસિક સંદર્ભોથી સમૃદ્ધ, ત્રિનિદાદ અને

ટોબેગોની સંસદના ઐતિહાસિક બેઠક, પ્રતિષ્ઠિત રેડ હાઉસથી ગૃહને સંબોધન કર્યું. પ્રધાનમંત્રીએ કહ્યું કે આતંકવાદ શાંતિ-પ્રેમી સમાજ માટે ગંભીર ખતરો છે. શ્રી મોદીએ વૈશ્વિક સમુદાયને આતંકવાદ સામેની લડાઈને મજબૂત બનાવવા હાકલ કરી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે વૈશ્વિક શાસનમાં સુધારાની જરૂર છે અને ગ્લોબલ સાઉથને તેનો હક મળવો જોઈએ. બાદમાં પ્રધાનમંત્રીએ પ્રતિષ્ઠિત રેડ હાઉસ ખાતે ત્રિનિદાદ અને ટોબેગોના પ્રધાનમંત્રી કમલા પ્રસાદ-બિસેસર સાથે વ્યાપક વાટાઘાટો કરી.

વાતચીત બાદ સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે બંને દેશો આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા અને આપત્તિ વ્યવસ્થાપન, આબોહવા પરિવર્તન, સંરક્ષણ, ટેકનોલોજી, આરોગ્યસંભાળ અને કૃષિ સંશોધન જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા સંમત થયા છે. તેમણે આતંકવાદ સામે વૈશ્વિક લડાઈને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાનનો પણ પુનરોચ્ચાર કર્યો. બંને નેતાઓએ માળખાગત સુવિધાઓ અને ફાર્માસ્યુટિકલ્સ સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે છ કરારો પર હસ્તાક્ષર કર્યા. પ્રધાનમંત્રી મોદીએ પોર્ટ ઓફ સ્પેનમાં રાષ્ટ્રપતિ ભવનમાં ત્રિનિદાદ અને ટોબેગોના રાષ્ટ્રપતિ ક્રિસ્ટીન કાર્લાકંગાલુને પણ મળ્યા હતા.

# PM BRICS SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રાઝિલની મુલાકાતે બ્રાસીલિયા જશે. લગભગ છ દાયકામાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત હશે. શ્રી મોદી આવતીકાલે અને સાતમી  જુલાઈના રોજ રિયો ડી જેનેરોમાં બ્રિક્સ શખર પરિષદમાં ભાગ લેશે. તેઓ સમ્મેલનથી અલગ બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા અને અન્ય વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરશે. પ્રધાનમંત્રી એક બિઝનેસ ફોરમ તેમજ વ્યવસાય અને ઉદ્યોગના પ્રતિનિધિઓને સંબોધિત કરશે.

# AMIT SHAH – GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ બે દિવસીય ગુજરાતના પ્રવાસે છે. શ્રી શાહ આજે સવારે આણંદ ખાતે રાષ્ટ્રીય કક્ષાની સહકારિતા વિશ્વવિધ્યાલય ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલયનું ભૂમિપૂજન કરશે, અને આવતીકાલે સવારે શ્રી શાહ સહકાર મંત્રાલય ચોથા સ્થાપના દિવસની પ્રસંગે આણંદ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સભાને સંબોધિત કરશે.

આણંદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે સવારે આણંદના વાલ્મી ખાતેથી દેશની સૌ પ્રથમ સહકાર યુનિવર્સિટી "ત્રિભુવન સહકારી યુનિવર્સિટી"નું ભૂમિપૂજન અને શિલાન્યાસ કરશે. ત્યારબાદ તેઓ આણંદની કૃષિ યુનિવર્સિટી ખાતે જનસભાને સંબોધન કરશે.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રી કૃષ્ણપાલ, કેન્દ્રીય સહકાર અને નાગરિક ઊડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ તથા સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિતિ રહેશે.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે છત્તીસગઢ, દરિયાકાંઠાના કર્ણાટક, ગંગા પશ્ચિમ બંગાળ, ગુજરાત, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશમાં અતિભારે વરસાદની આગાહી કરી છે. આજે કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિ રહેવાની ધારણા છે.

આજે આંદામાન-નિકોબાર, બિહાર, ગંગા પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં વાવાઝોડા અને વરસાદની શક્યતા છે. આગામી સાત દિવસ સુધી દેશના ઉત્તર-પશ્ચિમ, ઉત્તર-પૂર્વ, પશ્ચિમ, પૂર્વ, મધ્ય અને દક્ષિણ દ્વીપકલ્પીય ભાગોમાં પણ આવી જ સ્થિતિ રહેવાની ધારણા છે. આજે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ભારે પવન અને વાવાઝોડા સાથે વરસાદની શક્યતા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# AMARNATH YATRA

**ગઈકાલથી શરૂ થયેલી 38 દિવસની અમરનાથ યાત્રા પહેલગામ અને બાલતાલના વિવિધ માર્ગો પર સરળતાથી ચાલી રહી છે. ગઇકાલે કાશ્મીર ક્ષેત્રમાં પહેલગામ અને બાલતાલ બેઝ કેમ્પ તરફના બંને માર્ગો પરથી 10 હજાર 700 થી વધુ યાત્રાળુઓને પવિત્ર ગુફા મંદિર તરફ આગળ વધવાની મંજૂરી આપવામાં આવી હતી. જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પથી 291 વાહનોમાં 6 હજારથી વધુ યાત્રાળુઓના નવા જૂથને લીલી ઝંડી આપવામાં આવી હતી.**

# CRICKET-IND-ENG TEST

બર્મિંગહામના એજબેસ્ટન ખાતે યજમાન ઇંગ્લેન્ડ સાથેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના ચોથા દિવસે ભારત બીજી ઇનિંગ એક વિકેટે 64 રનથી આગળ રમશે. પ્રથમ ઇનિંગના આધારે ભારતની કુલ લીડ 244 રન થઈ ગઈ છે. કેએલ રાહુલ 28 રન અને કરુણ નાયર 7 રન સાથે રમતમાં છે. મેચ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે.

આ પહેલા ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે છ વિકેટ લીધી હતી જ્યારે આકાશ દીપે ચાર વિકેટ લીધી હતી. જેના કારણે ઇંગ્લેન્ડે પ્રથમ ઇનિંગમાં 407 રન બનાવ્યા હતા. ઇંગ્લેન્ડ તરફથી જેમી સ્મિથે 184 રન અને હેરી બ્રુકે 158 રન બનાવ્યા હતા. ભારતે પોતાની પહેલી ઇનિંગમાં 587 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1) આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોને હેડલાઈનમાં લીધા છે....
2) દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે ભારતની લશ્કરી તૈયારીઓનો લાઈવ ડેટા પાકિસ્તાનને આપી રહ્યું હતું ચીન....
3) સંદેશ અખબાર પહેલા પાનાં પર લખે છે ભારત એક સાથે ત્રણ શત્રુ સામે લડી રહ્યું હતું !....
4) ગુજરાત સમાચાર લખે છે આરોગ્ય મંત્રાલય- મેડિકલ કોલેજોનો ભ્રષ્ટાચાર....ખાનગી મેડિકલ કોલેજોને સારા ગ્રેડ આપવા ઈન્સ્પેક્શનની વિગતો લીક કરી દેવાતી- યુજીસીના પૂર્વ ચેરમેન, મંત્રાલયના આઠ અધિકારી, મેડિકલ કમિશનના ડોક્ટરો સહિત 34 સામે ફરિયાદ.....
5) રાજસ્થાન પત્રિકાનું મુખ્ય શિર્ષક છે મેડિકલ શિક્ષા મેં ભ્રષ્ટાચાર કા ભાંડાફોડ, કંઈ બડે અફસર ફંસે...
6) બ્રિજ, ટનલ સાથેના નેશનલ હાઈવેના ટોલમાં 50ટકા સુધીનો ઘટાડો આ હેડલાઈન છે નવગુજરાત સમયની....
7) આ સાથે આજે તમામ અખબારોમાં વાંચવા મળતા સમાચારો જેવા કે...અમરનાથ યાત્રામાં 12 હજાર તીર્થયાત્રીઓએ દર્શન કર્યા,,,,,રાજકોટ જિલ્લા ભાજપમાં ભડકો, રસ્તા મુદ્દે કેબિનેટ મંત્રી નિશાને... આણંદમાં દેશની પ્રથમ સહકારિતા યુનિ.નું અમિતભાઈ ભૂમિપૂજન કરશે.. ક્લાઈમેટ ચેન્જથી ચોમાસાનો મિજાજ બદલાયો- એક મહિનાનો વરસાદ હવે માત્ર એક દિવસમાં જ વરસે છે... USમાં ગુજરાતા જ્વેલર્સને ત્યાં એક જ મીનિટમાં કરોડોની લૂંટ...પંચમહાલના ગોધરા, હાલોલ, શહેરામાં ભેદી વાઈરસથી 3 બાળકોના મોત થયા....આજથી હાઈકોર્ટ દર પહેલા-ત્રીજા શનીવારે ચાલુ રહેશે, 10 વર્ષ જૂના કેસો પર સુનાવણી હાથ ધરાશે...